P
G
V
C
L

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૯ № 0 9 0 તારીખ: 10 MAY 2019

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

મોહનલાલ અબજીભાઈ પટેલ,

ગામ- ગુણાતીતપુર,

તા-ભચાઉ,

મોબાઇલ નંબર:- ૯૫૫૮૪ ૩૩૭૧૧

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

વિષય :- કેસ નંબર પીજી ૦૧/૦૦૨/૨૦૧૯-૨૦

સંદભ:- આપની અરજી નોંધણી નં. પીજી ૦૧/૦૦૨/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહાનીયા)

કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ

(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, રાપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ № 090 તારીખ: 10 MAY 2019

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-01-002-2019-20.

અરજદાર: શ્રી મોહનલાલ અબજીભાઈ પટેલ
ગામ-ગુણાતીતપુર , તા.ભચાઉ-કચ્છ

રજૂઆત કરનાર: અરજદારશ્રી સુનાવણી દરમ્યાન હાજર રહેલ નથી.

ગ્રાહક ફરીયાદ નિવારણ પી.જી.વી.સી.એલ. ભુજ

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ

રજૂઆત કરનાર: શ્રી જે.વાય.રાવ, કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ

## :: કોરમ ::

૧) શ્રી એ.એસ.માંડલિયા, મેમ્બર ટેક
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.

તારીખ: ૧૨/૦૪/૨૦૧૯



Scanned by CamScanner

# :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી મોહનલાલ અબજીભાઈ પટેલ પીજીવીસીએલ કચેરીમાં ગ્રાહક નં.૩૮૫૪૦/૦૦૩૯૪/પથી ૧૦૦ એચ.પી.નું ખેતીવિષયક વીજકનેક્શન ધરાવે છે. જેમાં તેઓ ૨૦ એચ.પી.નો લોડ વધારો કરવા અંગે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૧ અરજદારશ્રી ભચાઉ તાલુકાના ગામ શિકરામાં ખેતીવિષયક વીજજોડાણ ૧૦૦ એચ.પી.નું ગ્રાહક નં.૩૮૫૪૦/૦૦૩૯૪/પથી ધરાવે છે.

૧.૨ અરજદારશ્રી દ્વારા ખેતી વિષયક વીજજોડાણ ૧૦૦ એચ.પી.નું ધરાવે છે. તેમાં તેઓ ૨૦ એચ.પી.નો લોડ વધારો કરાવવા માંગતા હોવાથી ૧૦૦+૨૦ એટલે કે ૧૨૦ એચ.પી.નું વીજજોડાણ કરાવવા માંગે છે.

૧.૩ અરજદારશ્રી લોડવધારો કરાવવામાં કંપનીના નિયમોનું પાલન કરવાની તેમજ ધારાધોરણ મુજબ વર્તવાની ખાતરી આપે છે..

૧.૪ અરજદારશ્રી ખેતીવિષયક વીજજોડાણમાં ૨૦ એચ.પી.નો લોડ વધારો કરી આપવામાં આવે તો લોડ વધારાની ભરવાની થતી રકમ ભરપાઈ કરવા તૈયાર છે.

૧.૫ અરજદારશ્રી દ્વારા સત્વરે વીજજોડાણમાં ૨૦ એચ.પી.નો. લોડ વધારો કરી આપવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

ફરિયાદ નિવારણ પી.જી.વી.સી.એલ. ભુજ ગ્રાહક ફોરમ

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી મોહનલાલ અબજીભાઈ પટેલ ગ્રાહક નંબર ૩૮૫૪૦/૦૦૩૯૪/પથી વીજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારશ્રી ગ્રાહક નંબર ૩૮૫૪૦/૦૦૩૯૪/પથી વીજજોડાણ ધરાવે જેમા તેઓએ લોડ વધારો કરવા માટે અરજી કરેલ છે.

૨.૨ અરજદારશ્રીએ કરેલ અરજીના આધારે ભચાઉ પેટાવિભાગીય કચેરી દ્વારા યોગ્ય જવાબ આપવામાં આવેલ હતો.

૨.૩ અરજદારશ્રીને તેમની કરેલ લોડ વધારાની અરજીના અનુસંધાને ભચાઉ પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૦૭/૦૯/૨૦૧૮ના લોડ વધારો(૬૦+૪૦=૧૦૦) કરેલ અને તેનું અંદાજપત્ર તા. ૦૫/૧૦/૨૦૧૮ના ભરપાઈ કરી તેનો ટેસ્ટ રીપોર્ટ તા.૨૯/૧૧/૨૦૧૮ના ભરેલ.

૨.૪ સદર વીજજોડાણમાં લોડવધારાની કાર્યવાહી કરી લોડ ૧૦૦ હોર્સપાવરનો કરેલ છે અને સદર કામગીરી નિયમ પ્રમાણે થઈ ગયેલ છે.

# :: હુકમ ::

3.0 સદર ફરિયાદ અનુસંધાને કન્વીનર દ્વારા તા.૧૨-૦૪-૨૦૧૯ના રોજ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં ઉપસ્થિત રહેવાની અગાઉથી જાણ કરવા છતાં અરજદાર આ તારીખે ફોરમમાં ઉપસ્થિત રહેલ નથી.

3.૧ પીજીવીસીએલના અધિકારીઓ તા.૧૨-૦૪-૨૦૧૯ના રોજ ફોરમ સમક્ષ ઉપસ્થિત રહેલ છે. તથા ઉપર દર્શાવ્યા મુજબની લેખિત અને મૌખિક રજૂઆત કરેલ છે.



Scanned by CamScanner

૩.૨ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા ગ્રા.નં.૩૮૫૪૦/૦૦૩૯૪/૫વાળા વીજ જોડાણ અને લોડવધારા અંગેની અરજી સ્વીકારેલ હતી.

3.3 પીજીવીસીએલ દ્વારા અરજદારશ્રીને પત્ર નં. ૪૦૭૭થી તા.૦૫/૦૪/૨૦૧૯ના રોજ યોગ્ય જવાબ આપવામાં આવેલ હતો.

૩.૪ પીજીવીસીએલ દ્વારા વીજગ્રાહકને તા.૦૭/૦૯/૨૦૧૮ના રોજ લોડવધારો (૬૦+૪૦=૧૦૦)કરેલ અને તેનું અંદાજપત્ર તા.૦૫/૧૦/૨૦૧૮ના ભરપાઈ કરી તેનો ટેસ્ટ રીપોર્ટ તા.૨૯/૧૧/૨૦૧૮ના ભરેલ છે. જે સંદર્ભે જરૂરી કાર્યવાહી કરી લોડ ૧૦૦ હોર્સપાવરનો કરેલ છે.

૩.૫ આમ, અરજદારશ્રીની ફરિયાદનું નિરાકરણ થયેલ હોઈ, કોઈ વિશેષ હુકમ નથી. આ સાથે અરજદારની અરજી ફેંસલ કરવામાં આવે છેછે.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(એ.એસ. ...ડલિયા)
મેમ્બર ટેક

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯



Scanned by CamScanner